# કૃષિ મહાવિદ્યાલય અને કૃષિ પોલિટેક્નિક, આણંદ કૃષિ યુનિવર્સીટી, વસો ખાતે

# સાઇબર સૈફટી પરનું વ્યાખ્યાન યોજવામાં આવ્યું

તારીખ 08 ઓક્ટોબરના રોજ કૃષિ મહાવિદ્યાલય અને કૃષિ પોલિટેક્નિક, આણંદ કૃષિ યુનિવર્સીટી, વસો ખાતે સંસ્થાના સાઇબર ક્લબ દ્વારા આયોજિત સાઇબર સૈફટી પરનું વ્યાખ્યાન યોજવામાં આવ્યું. જેના અંતર્ગત સાઇબર સેલ, નડિયાદ થી પી.એસ.આઈ. શ્રી કે. બી. બારોટ એમની સાઇબર સેલ ટીમ સાથે ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને તેઓએ સંસ્થાના વિદ્યાર્થીઓ અને સ્ટાફને સાઇબર સલામતી માટે ધ્યાન રાખવા જેવા મુદ્દાઓ વિષે વિશાળ સમજણ આપી હતી. આ વ્યાખાન અંતર્ગત શ્રી કે. બી. બારોટ સાહેબે સાઇબર ક્રાઈમ ની બાબતોની તપાસને લગતા એમના અનુભવો વિષે પણ વાત કરી અને આધુનિક યુગમાં ઈન્ટરનેટના અને ફોનના ઉપયોગ સંબંધિત કેટલીક સાવચેતી રાખીને સાઇબર ફ્રોડથી કઈ રીતે બચી શકાય એની માહિતી પુરી પાડી. કૃષિ મહાવિદ્યાલયના આચાર્ય શ્રી ડૉ. બી. સી. પટેલ દ્વારા વિદ્યાર્થીઓમાં સાઇબર સૈફટીની જાગૃતિ લાવવા માટે સાઇબર સેલ, નડિયાદ ના સહયોગથી આ પ્રકારના વ્યાખ્યાન ના આયોજન માટે વિશેષ જહેમત લેવામાં આવેલી અને આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્થાના સાઇબર ક્લબના કોઓર્ડીનેટર ડૉ. નિખિલ જોશી દ્વારા કરવામાં આવ્યું. કૃષિ મહાવિદ્યાલય અને કૃષિ પોલિટેક્નિક, વસોના વિદ્યાર્થીઓ તેમજ સ્ટાફ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.





